આબુ રોડના ઓર ગામ પાસેથી જુગાર રમતા શખ્સો ત્રણ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

ડીસા, તા. ૧૨

આંતરરાજ્ય રાજસ્થાનમાં પણ શ્રાવણીયો જુગાર રમવાનું નેટવર્ક મોટા પ્રમાણમાં ચાલી રહ્યુ છે. ગુજરાતમાં શ્રાવણીયો જુગાર રમતા તત્વોને ઝડપવા પોલીસ સક્રીય બનતા આવા શખ્સોએ ગુજરાતને અડીને આવેલ રાજસ્થાનના કેટલાક ગામોમાં જુગાર રમવા પગપેસારો કર્યો હતો. જેમાં આબુરોડ નજીક આવેલા ઓર ગામ પાસે આવેલ એક મકાન પર પોલીસે દરોડો પાડી વીસ ઈસમોને ગંજીપાનાના જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતા. આ તમામ સામે આબુરોડ પોલીસે જુગાર ધારા અંતર્ગત કેસ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જેની વિગતો જોઈએ તો શિરોહી જીલ્લાના એસ.પી. લવલી કટીયારને ખાનગી રાહે બાતમી મળેલ કે આબુરોડ ગ્રામ્ય વિસ્તાર એવા સદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ઓર ગામમાં કેટલાક પરપ્રાંતીય ઈસમો જુગાર રમે છે આ બાતમીના આધારે આબુરોડ સદર થાના પોલીસે ઓર ગામે આવેલ સ્વર્ગભુમી નામના શકમંદ મકાન પર પંચો રૂબરૂ દરોડો પાડયો હતો. આ દરોડા કાર્યવાહીમાં ગંજીપાનાનો જુગાર રમતા દેવેન્દ્રસિંહ રાઠોડ રહે. ચાંદખેડા, અમદાવાદ. અમરતભાઈ પટેલ, રહે. મોટેરા. વસંતભાઈ ઠર રહે. ડીસા. ભરતભાઈ પટેલ રહે. ભલાસર, નાસીરખાન રહે. રાધનપુર. કિશોર વ્યાસ, રહે. ગઢસાઈ. અમરૂતભાઈ તેમજ મેહુલ પટેલ રહે. પાલનપુર. મનીષ ખવરાણી રહે. અમદાવાદ. રાજેન્દ્ર પટેલ, રહે. ચાંદખેડા. ઓમકારનાથ જોગી, રહે. અમદાવાદ, જસવંતસિંહ રહે. અમદાવાદ. પ્રકાશભાઈ રહે. અમદાવાદ. બાબુભાઈ ઠર, રહે. ડીસા. ગેમીલાલ કલાલ રહે. ડુંગરપુર. રાજેન્દ્ર કલાલ રહે.ડુંગરપુર. કનૈયાલાલ રહે. પાલનપુર ઘનશ્યામ રાજપુત, રહે. અમદાવાદ. ધમીરાજ, પાટીદાર રહે. બાસવાડા. ભરત ઠર, રહે જામર. તાલુકા પાલનપુરવાળાઓ જુગાર રમતા જ્યારે વિસનગરના પંકજભાઈ કાન્તીલાલ અને અંબાજીના પીન્ટુભાઈ જુગાર રમાડતા હોઈ આ તમામને અંદાજીત રૂપીયા ત્રણ લાખના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી પાડયા હતા. આ તમામ વિરુધ્ધ ગુનો દાખલ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સાબરકાંઠા જિલ્લાના તાલુકાઓમાં હળવાથી અતિભારે વરસાદ નોંધાયો

હિંમતનગર, તા. ૧૨

લાંબા સમય બાદ હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં શનિવારની રાત્રીથી ક્યાંક ઝાપટું તો ક્યાંક ઝરમર વરસાદ શરૂ થયો હતો. જે રવિવારના રોજ દિવસ દરમિયાન પણ ચાલુ રહ્યો હોવાનું સાબરકાંઠા જિલ્લા ઈમરજન્સી સેન્ટરથી જાણવા મળેલ. જિલ્લાના તેર તાલુકામાં છેલ્લા ચોવીસ કલાકમાં ઈડર-૪ મી.મી., હિંમતનગરમાં ૧ મી.મી., તલોદમાં ૮ મી.મી. વડાલીમાં ૧ મીમી, ખેડબ્રહ્મામાં ૫ મીમી, વિજયનગરમાં ૮ મીમી, ભિલોડામાં ૭ મીમી, પ્રાંતિજમાં ૨૦ મીમી, મોડાસામાં ૨૦ મીમી, માલપુરમાં ૨૦ મીમી, ધનસુરામાં ૧૬ મીમી, મેઘરજમાં ૩૦ મીમી, અને બાયડમાં ૪ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે રવિવાર સાંજના ૪ વાગ્યા સુધીમાં ઈડર-૧૮ મીમી, હિંમતનગરમાં ૨૫ મીમી, તલોદમાં ૩૦ મીમી, વડાલીમાં ૬ મીમી, ખેડબ્રહ્મા ૫ મીમી, વિજયનગરમાં ૨૭ મીમી, ભિલોડામાં ૩૭ મીમી, પ્રાંતિજમાં ૩૩, બાયડમાં ૪૫ મીમી વરસાદ નોંધાયો હતો.

હિંમતનગર ખાતે કોંગ્રેસે ધરણાનો કાર્યક્રમ યોજ્યો

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠાના મુખ્ય મથક હિંમતનગર ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે ક્રાંતિ દિવસે ટાવરચોક ખાતે ધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો. મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો જોડાયા હતા.

જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ટાવરચોકમાં સભા યોજી હતી. આ સભામાં ભાજપની ભ્રષ્ટ અને ભ્રષ્ટાચારી સરકારને ઝડમૂળમાંથી ઉખેડી નાંખવાનો સૌ કાર્યકરોને હાંકલ કરવામાં આવી હતી. ગુજરાતની પ્રજા સરકારની પ્રજા વિરોધી નિતીથી કંટાળી ગઈ છે. સાબરકાંઠા જિલ્લામાં વરસાદ ઓછો પડતા અછતની પરિસ્થિતિ હોવા છતાં અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો નથી. સરકારી પૈસાનો વ્યય કરી માત્ર જાહેરાતોમાં પૈસા વાપર્યા છે અને ગુજરાતની પ્રજાને માથે કરોડો રૂપિયાનું દેવું નાંખી દીધેલ છે.

રાજ્યભરમાં જન્માષ્ટમી પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. તલોદ ખાતે જન્માષ્ટમી નિમિત્તે નંદમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

પાલનપુરમાં નાણાંકીય લેતી દેતી મામલે એક શખ્સને જીવતો સળગાવી દેવાયો

પાલનપુર, તા.૧૨

પાલનપુર નજીક આવેલા બાલારામ યાત્રાધામ પાસે શનિવારે રાત્રિના સમયે એક શખ્સને નાણાંકીય લેતી દેતીના મામલે જીવતો સળગાવી દેતા ભારે હાહાકાર મચી જવા પામ્યો છે ત્યારે આ ઘટનાને પગલે સમગ્ર શહેરમાં ભારે તંગદીલીનો માહોલ સર્જાયો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ પાલનપુરના જહુ અનવરખાન પઠાણ (ઉ.વ.૪૫) પાસે જુગારના પૈસાની લેતી દેતી મામલે રાજુ વાલમીકી અને અન્ય ત્રણ શખ્સોએ બાલારામ નજીક માથાકુટ કરી અને મામલો વધુ બિચકતા ઉશ્કેરાયેલા ત્રણેય શખ્સોએ જહુ અનવરખાન પઠાણને જીવતો સળગાવી નાસી છૂટયા હતા તેમાં ગંભીર રીતે દાઝી ગયેલા જહુ અનવરે પાલનપુર સિવિલમાં સારવાર દરમિયાન પોલીસને જણાવ્યું હતું.

આ ઘટના અંગેના સમાચાર વાયુવેગે શહેરમાં ફેલાતા તંગદીલી ભર્યું વાતાવરણ સર્જાયું હતું અને તકરાર બાદ પોલીસ પર પથ્થરમારો કરી બારડપુરામાં દુકાનોમાં તોડફોડ કરી હતી. આ બનાવના પગલે કોમી અથડામણ વધુ ન વકરે તે માટે એસ.આર.પી. બોર્ડર વીંગ અને શહેર પોલીસનો મોટો કાફલો વિવિધ વિસ્તારોમાં મોકલી ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

ચંડીસર નજીકથી દારૂ ભરેલી સેન્ટ્રો કાર ઝડપાઈ રૂ. ૧.૨૯ લાખના મુદ્દામાલ સાથે એકની અટકાયત

પાલનપુર, તા.૧૨

પાલનપુર તાલુકાના ચંડિસર ગામ નજીક વિદેશી દારૂ ભરીને પસાર થઈ રહેલ એક ગાડી પોલીસની ઝપેટે ચડી જવા પામી હતી. આ બનાવમાં પોલીસે એક વ્યકિતની અટકાયત કરી વિદેશી દારૂના જથ્થા સહિત રૂ. ૧.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

બનાસકાંઠા જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી રોકવા માટે જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવ દ્વારા સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. રાત્રિ દરમ્યાન જાહેર માર્ગો પર નાકાબંધી અને વાહન ચેકિંગની કામગીરી હાથ ધરાઈ રહી છે. જેમાં અવાર નવાર વિદેશી દારૂની હેરાફેરી કરતા વાહનો ઝડપાઈ રહ્યા છે.

જેમાં ગઢ પોલીસ સ્ટેશનની હદમાં આવતા ચંડીસર ગામ નજીક ગત રાત્રિના સમયે ગઢ પોલીસ સ્ટેશનના પોલીસ જવાનો નાઈટ પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે આજે વહેલી પરોઢે પાંચ વાગ્યાના સમયે દાંતીવાડા તરફથી આવતી એક સેન્ટ્રો કાર ચાલકે ચંડીસર નજીક પોલીસ ટીમને દેખી જતા તે અંધારામાં ગાડી મુકીને ભાગી છુટયો હતો. જો કે પોલીસ ટીમે આ ગાડીની તલાશી લેતા તેમાંથી ૨૯,૪૦૦ની કિંમતનો વિદેશી દારૂ તેમજ બિયરનો જથ્થો મળી આવતા પોલીસે ગાડીમાં સવાર ભાખર ગામના પ્રતાપજી મગનજી ઠાકોરની અટકાયત કરી હતી. તેમજ વિદેશી દારૂ અને કાર સહિત રૂ. ૧.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આ કારના ફરાર ચાલક ભાખર ખેડા ગામના ઉત્તમજી છગનજી ઠાકોરને ઝડપી પાડવાના ચકો ગતિમાન કર્યા છે.

આમ ગઢ પોલીસને નાઈટ પેટ્રોલિંગ દરમિયાન વિદેશી દારૂ ભરેલી ગાડી મળી આવતા રાત્રિ દરમિયાન ખાનગી વાહનોમાં થતી વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ થવા પામ્યો હતો.

પાલનપુર સરકારી હોસ્પિટલમાં ૧૫થી વધુ કાગડાઓના શંકાસ્પદ મોત

પાલનપુર, તા. ૧૨

પાલનપુરની સરકારી હોસ્પિટલમાં છેલ્લા એક અઠવાડીયાના સમયગાળા દરમ્યાન ૧૫ થી વધુ કાગડાઓના શંકાસ્પદ મોત નિપજવા પામ્યા છે. જો કે ભારતીય સંસ્કૃતિમાં કાગરૂષિનું બિરૂદ પામનાર ચતુર પક્ષી કાગના મોતથી પક્ષી પ્રેમીઓમાં કચવાટની લાગણી ફેલાઈ છે.

પાલનપુરની સરકારી હોસ્પિટલમાં આવેલ આંબલીના વૃક્ષ ઉપર કાગડાઓ વસવાટ કરી રહ્યા છે. જો કે વર્તમાન સમયમાં કાગડાની પ્રજાતિ લુપ્ત થઈ રહી છે. તેવા સમયે છેલ્લા એક અઠવાડીયા દરમ્યાન હોસ્પિટલમાં ૧૫ થી વધુ કાગડાઓના શંકાસ્પદ મોત નિપજવા પામ્યા હતા. જો કે આજે વધુ ત્રણ કાગડાના મોત નિપજતા પક્ષી પ્રેમીઓમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી અને કાગડાઓના આકસ્મીક મોત અંગે તેમના મૃતદેહને પી.એમ. અર્થે મોકલી મોતનું કારણ જાણવાનો પ્રયાસ કર્યો હતો.

જો કે પાલનપુર પશુ આરોગ્ય કેન્દ્રના તબીબે આ કાગડાઓના મોત ઝેરી ખોરાક આરોગવાથી થયા હોવાની આશંકા વ્યક્ત કરી હતી.

આમ સરકારી હોસ્પિટલમાં ઝેરી ખોરાકના કારણે કાગરૂષિઓ મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. ત્યારે હોસ્પિટલ સત્તાવાળાઓએ પક્ષીઓને નડતરરૂપ મેડીકલ વેસ્ટના યોગ્ય નિકાલ કરેતે જરૂરી છે.

ગલથરા ગામની સીમમાંથી વિદેશી દારૂ ઝડપાયો

માણસા, તા. ૧૨

માણસા તાલુકાના ગલથરા ગામની સીમમાં બોરકુવાની ઓરડીમાં દારૂનો જથ્થો વેચાણ અર્થે સતાડ્યો હોવાની બાતમી માણસા પોલીસને મળતા પોલીસે રેડ કરી રૂ. ૩૪,૩૦૦નો દારૂનો જથ્થો ઝડપી પાડી એક વ્યક્તિની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ માણસા તાલુકાના ગલથરા ગામની સીમમાં બોરકૂવાની ઓરડીમાં દારૂનો જથ્થો વેચાણ અર્થે લાવવામાં આવ્યો છે તેવી બાતમી માણસા પોલીસને મળતા પી.એસ.આઈ. વનાર, પો. કો. દિનેશભાઈ અને એ.એસ.આઈ. પરબતસિંહને સાથે રાખી બાતમી વાળી બોરકૂવાની ઓરડી પર રેડ પાડી વિદેશી દારૂની ૫૨ નંગ બોટલ તેમજ બિયર ટીન નંગ-૧૨ કુલ રૂ. ૩૪,૩૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો અને વેચાણ અર્થે દારૂ લાવનાર નટુજી જવાનજી બારડની અટકાયત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર-રામપુરા નજીક ટેન્કર-રીક્ષા વચ્ચે અકસ્માત : ૨ના મોત

પાલનપુર, તા.૧૨

પાલનપુરના રામપુરા નજીક આજે એક દુધના ટેન્કરે રીક્ષાને ટક્કર મારતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં રીક્ષામાં સવાર બે મુસાફરોના કમકમાટી ભર્યા મોત નિપજવા પામ્યા હતા તેમજ રીક્ષાચાલક સહિત એક મુસાફર ગંભીર રીતે ઘાયલ થવા પામ્યા હતા.

રામપુરા ચોકીના નજીક આજે સવારે સર્જાયેલ આ અકસ્માતની વિગત જોઈએ તો પાલનપુરથી માલણ તરફ જઈ રહેલી રીક્ષા નં. જીજે-૮-ઝેડ-૯૯૨૭ને રામપુરા નજીક સામેથી કાળ બનીને આવી રહેલ બનાસડેરીના રૂટ નં. ૧૭૫/૧૭૬ના ટેન્કરે જોરદાર ટકકર મારી હતી. આ અકસ્માતમાં રીક્ષાનો ખુરદો બોલી જવા પામ્યો હતો. જયારે રીક્ષામાં સવાર પાલનપુરના રેલવે કવાર્ટર્સ પાસે રહેતા અને કોર્ટમાં ચાની લારી ચલાવતા ૫૫ વર્ષીય પ્રતાપજી ઠાકોરનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું.

જયારે માણસા ગામના વતની અને ખાણ ખનીજમાં નોકરી કરતા કૈલાશદાન લુંગીદાન ગઢવીને ગંભીર ઈજા થતા સારવાર અર્થે પાલનપુર સિવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન તેઓનું મોત નિપજયું હતું. આ ઉપરાંત રીક્ષા ચાલક મોહસીન ઈસુબભાઈ પઠાણ અને રીક્ષામાં સવાર ૨૦ વર્ષીય મહમંદ ઈમરાન ફકરૂદ્દીન રહે. નાની બજારવાળાને ઈજાઓ થતા સારવાર અર્થે પાલનપુર સિવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આમ માતેલાં સાંઢની જેમ પૂર ઝપે દોડતા ટેન્કરની અડફેટે કાળનો કોળિયો બની જતા વાતાવરણ ભારેખમ બની ગયું હતું.

દાંતાના તોરણીયા ગામની યુવતીનું અપહરણ કરી હત્યા કરાયાનો આક્ષેપ

ડીસા, તા. ૧૨

દાંતા તાલુકાના તોરણીયા ગામેથી ગુમ થયેલ યુવતીની લાશ દાંતીવાડાના પાંથાવાડા પંથકમાંથી મળી આવતાં મૃતક યુવતીના પિતાએ તેમના ગામના જ એક ઈસમ વિરૂધ્ધ પોતાની દિકરીનું અપહરણ કરી તેની હત્યા કરી દીધી હોવાના આક્ષેપ સાથે પોલીસમાં રજૂઆત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ દાંતા તાલુકાના તોરણીયા ગામે રહેતા મગનભાઈ ભોળાભાઈ ગમારની દિકરી શોભનાબેનને થોડાક સમય અગાઉ ગામનો જ એક યુવાનભગાડી ગયો હતો. જો કે યુવતીના પિતા મગનભાઈએ ૧૫ દિવસ સુધી સગાવ્હાલાઓને ત્યાં શોધખોળ કરવા જતાં તેની કોઈ ભાળ મળી ન હતી. દરમ્યાન હડાદ પોલીસ સ્ટેશનમાંથી જાણ મળી હતી કે તમારી દિકરી પાંથાવાડા પોલીસ સ્ટેશને છે. જેથી મગનભાઈ તાત્કાલિક પાંથાવાડાજતાં તેમની દિકરીની લાશ મળી આવી હતી. પોલીસે લાશનું પી.એમ. કરી તેમને સુપ્રત કરી હતી.

પરંતુ યુવતીની લાશને ઘરે લાવી તપાસ કરતાં તેણીના શરીર ઉપર ઈજાના ચિહ્નો જણાયા હતા. આથી તેઓએ આ અંગે યુવતીને ભગાડી જનાર ગામના જ રાજુભાઈ ફગણાભાઈ ગમારવાળા વિરૂધ્ધ પોતાની દિકરીનું અપહરણ કરી બાદમાં તેની હત્યા કરી હોવાનો આક્ષેપ કર્યો છે અને આરોપીને ઝડપી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દેવા પાંથાવાડા પોલીસને લેખિતમાં રજૂઆત કરી છે.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં		
મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
અલ્તાફ શેખ	મોડાસા	૯૯૯૮૮૯૮૬૭૮
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫
રમેશચંદ્ર ચોક્સી	શામળાજી	૯૪૨૭૫૨૮૯૪૧
મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં		
ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૮૯૮૨૧૦૪૩૬

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES — APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન